# ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક લી.

ખેતી બેન્ક

૪૮૯, આશ્રમ રોડ, નહેરુબ્રીજ સામે,અમદાવાદ-૯.

## "જોઈએ છે"

ધી ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ બેંક લી. અમદાવાદ દ્વારા ગુજરાતમાં ૧૭૭ શાખાઓ અને ૧૭ જીલ્લા કચેરીઓ ધરાવતી બેંકમાં નીચે દર્શાવેલ જગ્યાઓ ઉપર નિમણુંક કરવા લાયકાત ધરાવતા યોગ્ય ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે.

| અ. નં. | કેડર | જગ્યા | શૈક્ષણિક લાયકાત | ઉંમર | અનુભવ | માસિક ફીકસ પગાર રૂપિયા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | આસી.જનરલ મેનેજર | ૦૨ | C.A. 50 % | ૩૫ વર્ષથી વધુ નહિં | બેંકીંગ ક્ષેત્રનો ૨ વર્ષનો એગ્રીકલ્ચર ક્રેડીટ ડીપાર્ટમેન્ટનો ઉચ્ચ કક્ષાનો અનુભવ. | ૭૫,૦૦૦/- |
| ૨ | આસી.જનરલ મેનેજર | ૦૨ | C.A. 50 % | ૩૨ વર્ષથી વધુ નહિં | તમામ પ્રકારના ઓડીટ, ટેક્ષની કામગીરીનો ૨ વર્ષનો અનુભવ | ૭૫,૦૦૦/- |
| ૩ | મેનેજર | ૦૨ | માન્ય યુનિ.ના M.B.A.(HR) 60 % | ૩૨ વર્ષથી વધુ નહિં | બેંકીંગ / કોર્પોરેટ ક્ષેત્રનો ૩ વર્ષનો અનુભવ. | ૩૦,૦૦૦/- |
| ૪ | મેનેજર | ૨૦ | માન્ય યુનિ.ના ગ્રેજયુએટ 60 % અને C.A. intermediate પાસ, આર્ટીકલશીપ પુર્ણ કરેલી હોવી જોઈએ. | ૩૨ વર્ષથી વધુ નહિં | ૨ વર્ષનો અનુભવ | ૩૦,૦૦૦/- |
| ૫ | આસી.મેનેજર | ૦૧ | માન્ય યુનિ.ના M.B.A. 60 % | ૩૫ વર્ષથી વધુ નહિં | બેંકીંગનો ૨ વર્ષનો અનુભવ | ૨૫,૦૦૦/- |
| ૬ | આસી.મેનેજર (આઈ.ટી.) | ૦૫ | માન્ય યુનિ.ના ડીગ્રી.Computer Engineer/ Software Engineer / M.C.A.60 % | ૩૨ વર્ષથી વધુ નહિં | ૫ વર્ષનો અનુભવ | ૨૫,૦૦૦/- |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૭ | ફ્રન્ટ ડેસ્ક ઓફીસર ગ્રેડ-એ | ૫૦ | માન્ય યુનિ.ના ગ્રેજયુએટ 70 % અને PGDCA/DCA/ DCS/ ccc+ | ૩૨ વર્ષથી વધુ નહિં | બેંકીંગ કામગીરીના અનુભવીને અગ્રતા. | ૧૯,૦૦૦/- |
| ૮ | ફ્રન્ટ ડેસ્ક ઓફીસર ગ્રેડ-બી | ૬૦ | માન્ય યુનિ.ના ગ્રેજયુએટ 50 % અને PGDCA/DCA/ DCS/ ccc+ | ૩૨ વર્ષથી વધુ નહિં | બેંકીંગ કામગીરીના અનુભવીને અગ્રતા. | ૧૮,૦૦૦/- |
| ૯ | ટેકનીકલ આસીસ્ટન્ટ (ડ્રાઈવર) | ૨૦ | ધોરણ ૧૦ પાસ. | ૪૦ વર્ષથી વધુ નહિં | ડ્રાઈવીંગ લાયસન્સ મેળવ્યા તારીખથી ૫ વર્ષનો મેન્યુઅલ-ઓટો કાર ડ્રાઈવીંગનો અનુભવ.<br>જી.પી.એસ.નું જ્ઞાન | ૧૭,૦૦૦/- |
| ૧૦ | ઓફીસ આસીસ્ટન્ટ (પ્યુન) | ૭૫ | ધોરણ ૧૦ પાસ. કોમ્પ્યુટરનું જ્ઞાન હોય તેને પ્રથમ પસંદગી આપવામાં આવશે. | ૩૨ વર્ષથી વધુ નહિં | | ૧૫,૫૦૦/- |

# ભરતી અંગેની જાહેરાતના નિયમો અને શરતો

૧. અનુ.નં.૧ થી ૮ ની કેડર માટેના અરજદારોએ બેંક તરફથી આપવામાં આવેલ નમુના મુજબની અરજીની સાથે રૂ.૩૦૦/- બેંકના QR કોડથી જમા કરાવવાના રહેશે. તથા અનુ.નં.૯ અને ૧૦ ની કેડર માટેના અરજદારોએ બેંકના QR કોડથી રૂ.૧૫૦/- જમા કરાવવાના રહેશે. જે નોન-રીફંડેબલ રહેશે.

૨. બેંકની વેબસાઈટ www.khetibank.org અને એજન્સીની વેબસાઈટ www.ethosindia.com ઉપર મુકવામાં આવેલ અરજીના નમુના મુજબનું ફોર્મ ડાઉનલોડ કરી અરજી કરવાની રહેશે. વેબસાઈટમાં આપેલ નમુના સિવાયની કોઈપણ અરજી ગ્રાહય રાખવામાં આવશે નહિં. ઉમેદવારે ફીઝીકલ અરજી ક્રમ નં.૧૯ માં દર્શાવેલ સરનામા ઉપર કરવાની રહેશે.

૩. અનુ.નં.૧ થી ૫ ની કેડરના ઉમેદવારો અંગ્રેજી ભાષામાં પત્રવ્યવહાર કરવાની ક્ષમતા અને જાણકારી ધરાવતા હોય તે ઈચ્છનીય છે.

૪. ઉમેદવારોને ગુજરાતી ભાષાનું જ્ઞાન અને કોમ્પ્યુટરની જાણકારી હોવી ફરજીયાત છે.

૫. ઉપરોકત જાહેરાત અન્વયે પસંદ થયેલ ઉમેદવારોને બેંક જરૂરીયાત મુજબની શાખા / જીલ્લા કચેરીએ / વડીકચેરીએ નિમણુંક આપશે અને ૧ વર્ષનો પ્રોબેશન પીરીયડ રહેશે અને કોલમ નં.૭ માં દર્શાવ્યા પ્રમાણે માસિક ફીક્સ પગાર ચુકવવામાં આવશે. ત્યારબાદ કાયમી થયે બેંકના પે સ્કેલ મુજબ ગ્રેડ આપી પગાર તથા અન્ય લાભાલાભ ચુકવવામાં આવશે. યોગ્યતા મુજબ પગાર સ્કેલમાં છુટછાટ આપવામાં

આવશે. પ્રોબેશન પીરીયડમાં વધારો કરવાની સત્તા બેંકને રહેશે.

૬. બેંક તરફથી માંગવામાં આવેલ શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા અને અનુભવ ધરાવતા વ્યક્તિઓની અરજીઓ જ ધ્યાને લેવામાં આવશે.

૭. બેંક દ્વારા જાહેરાતમાં આપવામાં આવેલ ઉપરોકત કેડરની જગ્યાઓ ઉપર ઓછી કે વધારે નિમણુંક બેંક જરૂરીયાત મુજબ આપી શકશે.

૮. બેંકની કામગીરીના અનુભવ મુજબ ઉમેદવારની વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે, તે માટેના તમામ હક્ક બેંકને અબાધિત રહેશે.

૯. અનુ.૧ થી ૮ ની કેડરના ઉમેદવારોની લેખીત અને મૌખીક પરિક્ષા યોજવામાં આવશે. જયારે અનુ.નં.૯ અને ૧૦ ના ઉમેદવારોની મૌખીક પરિક્ષા યોજવામાં આવશે. જેમાં દરેક કેડરના ઉમેદવારોએ સ્વખર્ચે હાજર રહેવાનું રહેશે.

૧૦. પ્રોબેશન પીરીયડ પુર્ણ થયે નિમણુંક પામેલ ઉમેદવારની કામગીરી સંતોષકારક જણાયે કાયમી નિમણુંક આપવામાં આવશે અને આ નિમણુંક અપાયેથી આ કર્મચારીઓને ગુજરાતની હાલની કે નવી ખુલનાર કોઈપણ શાખા / જીલ્લા કચેરીમાં જે તે જગ્યાએ જે કામગીરી સોંપવામાં આવે તે કરવાની રહેશે.

૧૧. આ અગાઉ બેંકમાં કરવામાં આવેલ કોઈપણ અરજી ધ્યાને લેવામાં આવશે નહિં.

૧૨. ઉપરોકત કેડરમાં અરજી કરવા માટે વયમર્યાદા નક્કી કરવાની બેઈઝ ડેઈટ તા.૩૧-૦૭-૨૦૨૪ ની રહેશે.

૧૩. અનુ.નં.૭ અને ૮ ની કેડર માટે આવેલ અરજીઓ પૈકી દિવ્યાંગ ઉમેદવારો માટે કુલ ૫ જગ્યાઓ અનામત રહેશે.

૧૪. બેંકમાં હાલ ફરજ બજાવતા અધિકારી / કર્મચારીઓએ અરજી કરતા અગાઉ હેડ ઓફીસની પૂર્વમંજુરી મેળવવાની રહેશે.

૧૫. ભરતીને લગતા તમામ હક્ક બેંક મેનેજમેન્ટને અબાધિત રહેશે.

૧૬. એક ઉમેદવાર ફકત એક જ પોસ્ટ માટે અરજી કરી શકશે. જો કોઈપણ ઉમેદવાર એક થી વધુ પોસ્ટ માટે અરજી કરશે તો તેમની અરજી માન્ય રાખવામાં આવશે નહિં અને તેમણે કરેલ તમામ અરજી રદ ગણાશે.

૧૭. અરજી ફોર્મ www.khetibank.org , www.ethosindia.com ઉપરથી ડાઉનલોડ કરી શકાશે.

૧૮. ઉમેદવારે અરજી સાથે શૈક્ષણિક લાયકાત, અનુભવના પ્રમાણપત્રની ખરી નકલ તેમજ QR code થી જમા કરાવેલ રકમની રસીદ સામેલ કરવાની રહેશે.

૧૯. **અરજી કરવાનું સરનામું** :- **ETHOS HR Management & Project Pvt.Ltd.,** ETHOS, Ornet Arcade, 101-102, opp. AUDA Garden, near Simandhar Jain Temple, Sumeru, Bodakdev, Ahmedabad, Gujarat 380054.

ઉપરોકત વિગતે બેંક દ્વારા આપવામાં આવેલ જાહેરાત માટે સંપૂર્ણ વિગતો સાથેની અરજી તા.૧૬-૮-૨૦૨૪ સુધીમાં અનુ.નં.૧૯ માં દર્શાવેલ સરનામે મળી જાય તે રીતે મોકલવાની રહેશે.

સ્થળ : અમદાવાદ.
તારીખ : ૨૫/૦૭/૨૦૨૪

જોઈન્ટ મેનેજીંગ ડીરેકટર

BHIM
BHARAT INTERFACE FOR MONEY